**વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત**

ઈકો ટુરીઝમ સેન્ટર ખાતે ટ્રાયબલ આર્ટીઝન સેલ કાઉન્ટર સ્થાપવાની યોજના બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૬/ન.બા.૨૫/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૮/૦૭/૨૦૧૬

**વંચાણે લીધા** :-

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૩/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંક: આવિ/તા.સં./૧/૨૦૧૫-૧૬/૩૪૭૦ થી ૩૪૭૧

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૨/૦૬/૨૦૧૬નો પત્ર ક્રમાંક: આવિ/તા.સં./ ૨૦૧૬-૧૭/૧૭૦૩

**પ્રસ્તાવના** :-

આ ઈકો-ટુરીઝમ સેન્ટરો એવા સ્થાનિક તથા આંતર રાષ્ટ્રીય પર્યટકોને આકર્ષિત કરશે કે જે અંતરીયાળ આદિજાતિ વિસ્તારોના પ્રાકૃતિક સૌંદર્યને જાણવા અને માણવા માટે ઉત્સુક છે. મોટી સંખ્યામાં આ ઈકો-ટુરીઝમ સેન્ટર પર આવતાં પર્યટકોથી રોજગારી ઉભી કરવા વેચાણ કેન્દ્રો ઉભા કરવાની આ યોજના છે.આ વેચાણ કેન્દ્રો પર આદિજાતિ કલાકૃતિઓ જેવી કે; પેઈંટીંગ, કાષ્ઠ કલા, પરંપરાગત ભરત-ગૂંથણની ચીજવસ્તુઓ, સ્કલ્પચર, પત્થરથી બનતી કલાકૃતિઓ વિગેરેનું વેચાણ થશે. ઈકો-ટુરીઝમ સેન્ટર પર ઉભા થતાં આ વેચાણ કેન્દ્રો સ્થાનિક આદિવાસી કલાકારોને તેમનું કૌશલ્ય પ્રદર્શીત કરવાની તથા આર્થિક ઉપાર્જન કરવાની તક પૂરી પાડશે તેમજ કલાકારોને પોતાની કૃતિઓના વેચાણ માટે શહેરી વિસ્તારો સુધી જવાની તેમજ વચેટીયાઓ મારફત ઉત્પાદનો વેચવાની મજબુરીથી મુક્તિ મળશે.

આ વેચાણ કેન્દ્રો પ્લેટફોર્મ સાથેના અડધા શટરવાળા સ્ટોલના સ્વરૂપમાં ઉભા કરવામાં આવશે. શરૂઆતનાં તબક્કે પ્લેટફોર્મ દરેક ઈકો-ટુરીઝમ સેન્ટર પરા આવાં ૮ થી ૧૦ સ્ટોલ ઉભા કરવાની યોજના છે. આવા દરેક સ્ટોલ ઉભા કરવાની અંદાજીત કિંમત રૂ. ૫૦ થી ૬૦ હજાર થશે. આ યોજના હેઠળ ઈકો-ટુરીઝમ સ્થળે અથવા તેના નજીકના ગામોમાં વસવાટ કરતાં અને આ પ્રકારની કલાકૃતિ સર્જન કરતાં આદિવાસી પરિવારને અથવા મહિલા જુથો કે આવા પાચંથી વધુ

સભ્યોના જુથોને સ્ટોલ ફાળવણી કરવામાં આવશે. સ્ટોલ ફાળવણી અને અન્ય નિયંત્રણ કામગીરી ઈકો-ટુરેઝમ માટેની ફોરેસ્ટ, યુવા સાંસ્કૃતિક અને આદિજાતિ વિકાસ વિભાગના જીલ્લા કક્ષાના અધિકારીશ્રીઓની સમિતિ હસ્તક રહેશે. આ અંગેની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક-(૧) થી કરવામાં આવેલ જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ઈકો ટુરીઝમ સેન્ટર ખાતે ટ્રાયબલ આર્ટીઝન સેલ કાઉન્ટર સ્થાપવાની યોજના અંગેની **રૂ.૬૦.૦૦ લાખની નવી બાબતને TASP વિસ્તારમાં જોગવાઇ કરવામાં આવેલ હોઇ તે મુજબના સ્થળો સંદર્ભે ખર્ચ કરવાની નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી** આપવામાં આવે છે:

ઇકો ટુરીઝમ સેન્ટર જ્યાં ઉભા કરવાના છે તેની જિલ્લાવાર ટુરીઝમ સ્થળોની યાદી નીચે મુજબ છે:

| અ.નં. | જીલ્લાનું નામ | સ્થળનું નામ |
|---|---|---|
| (૧) | દાહોદ | રતનમહાલ (કંજેટા) |
| (૨) | બનાસકાંઠા | બાલારામ અંબાજી અભ્યારણ્ય |
| (૩) | બનાસકાંઠા | જેસોર વન્ય પ્રાણી અભ્યારણ્ય |
| (૪) | સાબરકાંઠા | પોળો |
| (૫) | ડાંગ | મહાલ |
| (૬) | નવસારી | કીલાદ |
| (૭) | ડાંગ | ગીરાધોધ |
| (૮) | ડાંગ | ગ્રીન સાપુતારા |
| (૯) | તાપી | પદમડુંગરી |

## શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ /૧૦૨૦૦૫ /૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, આયોજન, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: વીકેવાય, ન્યુ ઈકો-ટુરીઝમ સેન્ટર પર ટ્રાયબલ આર્ટીઝન સેલ કાઉન્ટર સ્થાપવાની યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૨/૦૭/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હરેશ દવે )
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.